યોગઃ કર્મસુ કૌશલમ્
લોકનિકેતન
• રતનપુર •

ISSN NO.2347-9752

# લોકનિકેતન
# LOKNIKETAN

Vol - 14 Issue : 05
May-2025
₹ 35



સનત મહેતા

**કાવ્યગુંજ :**
ભોંયે ચીતરેલ બધા મારગને ચાતર્યા
● ધ્રુવ ભટ્ટ

**પ્રવાસ કથા :**
'યામુન' ઋષિ
● કાકાસાહેબ કાલેલકર

**સનત મહેતાઃ મૂળે સમાજવાદી, હૃદયથી કાર્યકર્તા**
● હિદાયત પરમાર

**સ્વામી વિવેકાનંદ : સૂફીવાદ અને ઈસ્લામ**
● હુસેન રંદાથાની

✍ હિદાયત પરમાર

# સનત મહેતાઃ મૂળે સમાજવાદી, હૃદયથી કાર્યકર્તા

જન આંદોલનના શ્રેષ્ઠ અને કુશળ સંગઠક, લોકપ્રહરી એવા સનત મહેતાનો જન્મ ૧૯ એપ્રિલ ૧૯૨૫ના રોજ ગુજરાતના ભાવનગર જિલ્લાના જેસર ગામમાં થયો હતો. તેમના પિતા શિક્ષક હતા. તેમણે ભાવનગરની શામળદાસ કોલેજમાં અભ્યાસ કર્યો હતો જ્યાં તેમણે ૧૯૪૧ માં ભાવનગર વિદ્યાર્થી સંઘનું નેતૃત્વ કર્યું હતું. તેમણે ૧૯૪૨માં ભારત છોડો ચળવળમાં ભાગ લીધો હતો અને જેલવાસ ભોગવ્યો હતો. આઝાદી પછી તેઓ સમાજવાદથી પ્રભાવિત થયા અને રામ મનોહર લોહિયા અને જયપ્રકાશ નારાયણની આગેવાની હેઠળની ચળવળમાં જોડાયા.



સનત મહેતા મહા ગુજરાત આંદોલનના નેતા, જેમના કારણે ગુજરાતની રચના થઈ. ગુજરાતમાં સમાજવાદને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર જાહેર જીવન વિતાવનાર એક જબરદસ્ત વ્યક્તિત્વ, સનતભાઈએ રાજ્યમાં સંખ્યાબંધ ચળવળોનું નેતૃત્વ કર્યું હતું અને તેમાં યોગદાન આપ્યું હતું. તેઓ મંડલ-બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (MBSIRB), ધોલેરા SIR, મીઠી-વિરડી ન્યુક્લિયર પાવર પોઈન્ટ અને ભાવનગરના મહુવામાં નિરમાના સિમેન્ટ પ્લાન્ટ જેવા ખાનગી પ્રોજેક્ટસ-સરકારી પ્રોજેક્ટસ સામે લડત આપનારા આંદોલનકારીઓમાંના પણ એક હતા. તેઓ સરકાર સામે ખેડૂતોના પ્રતિકારનો પર્યાય બની ગયા હતા.

૧૯૪૨માં જાહેર જીવનની શરૂઆત કર્યા પછી, સનતભાઈએ સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો હતો. ૧૯૪૭માં જ્યારે જૂનાગઢના નવાબ લોકોની ઈચ્છા વિરુધ્ધ પાકિસ્તાનમાં જોડાવા માંગતા હતા ત્યારે આઝાદી પછી તરત જ જુનાગઢને મુક્ત કરાવવા માટે તેમણે આરઝી હકૂમત ચળવળનું નેતૃત્વ કર્યું ત્યારે તેમનું મોટું યોગદાન બહાર આવ્યું. ત્યારબાદ તેમણે રતુભાઈ અદાણી જેવા નેતાઓ સાથે આંદોલનનું નેતૃત્વ કર્યું હતું. મૂળથી સમાજવાદી મહેતા ઈન્દુલાલ યાજ્ઞિકના નજીકના મિત્ર પણ હતા, જેમણે મહા-ગુજરાત ચળવળનું નેતળત્વ કર્યું હતું.

બાદમાં સનતભાઈ કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા અને ત્યારબાદ સુરેન્દ્રનગર મતવિસ્તારમાંથી સાંસદ બન્યા હતા અને રાજ્યના નાણા મંત્રી બન્યા હતા. તેમની ૭૦ વર્ષની વધુની જાહેર કારકિર્દી દરમિયાન, મહેતા સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL)ના પ્રથમ અધ્યક્ષ પણ બન્યા, જે મહત્વાકાંક્ષી નર્મદા પ્રોજેક્ટ અમલમાં મૂકતી સરકારી



સંસ્થા છે. વાસ્તવમાં મહેતાએ જ નર્મદા બોન્ડ રજૂ કરીને વિશ્વ બેંકની નાણાંકીય સહાય વિના પણ પ્રોજેક્ટને આર્થિક રીતે સધ્ધર બનાવ્યો હતો. તેઓ ગુજરાત રાજ્ય આયોજન પંચમાં અધ્યક્ષ પદ પણ સંભાળતા હતા.

પ્રજાની સમસ્યાઓ તથા તેમના હકો માટે જીવન ન્યોછાવર કરનાર સનત મહેતા બહુમુખીય પ્રતિભા ધરાવતા હતા. ૭૭ વર્ષ અગાઉ જાહેર જીવનમાં પ્રવેશ કરનાર એવા સનત મહેતા, જયપ્રકાશ નારાયણ, ડૉ. રામમનોહર લોહિયા વગેરે સમાજવાદી આગેવાનોની વિચારધારાથી આકર્ષિત હતા. તેમની અભ્યાસનિષ્ઠા અદ્‌ભુત હતી. ગરીબ અને છેવાડાના માણસનું હિત તેમના માટે પ્રથમ સ્થાને રહેતું. સાથોસાથ એક બાહોશ તથા કુશળ રાજકારણી પણ તેઓ હતા. ગરીબો પ્રત્યેની ચિંતા અને નિસબત અનન્ય હતી. આદિવાસીઓ અને ખાસ કરીને વંચિતો માટે કે પછી કામદાર મંડળના કામદારો હોય તેમના પ્રત્યે પ્રતિબધ્ધ રહીને તેમણે જીવન સમર્પિત કર્યું.

સરદાર સરોવરના સરદાર એવા સનત મહેતા જેના હકદાર હતા તેની ક્રેડિટ તેમને આપવામાં આવી ન હતી.

સનત મહેતા ૧૯૮૮-૯૧ અને ૧૯૯૩-૯૫ વચ્ચે સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ હતા. નર્મદા યોજના અંગેની તેમની પ્રતિબધ્ધતાથી ઘણા સમર્થકો ખૂબ જ અંજાઈ ગયેલા-અભિભૂત થઈ ગયેલા. નર્મદા યોજનાનું ઘડતર અને તેને સફળતાપૂર્વક ચરિતાર્થ કરવા માટે તેમણે ખૂબ કાળજીપૂર્વક આયોજન કરેલું. નર્મદા યોજના સંબંધિત ઘટનાઓના માનવીય અને સામાજિક પાસામાં તેઓ ખૂબ જ વિગતે ઊંડા ઊતરતા અને તેમાંથી વૈચારિક નિર્ણય મેળવીને તેનો અમલ કરતા. નર્મદા યોજના માટે ગુજરાતના નાગરિકોએ ખૂબ લાંબી લડત આપેલી છે. જેને માટે લડત કરી હોય તેનો હેતુ પરિપૂર્ણ ન થાય ત્યારે કેવી વ્યથા અનુભવાય તેનું વર્ણન થઈ શકે તેમ નથી. આ યોજના નિર્ધારિત ક્ષમતાના ૧/૩ ભાગે પણ કાર્યાન્વિત થઈ શકી ન હતી, આ લડત ત્યારે જ પૂર્ણ થઈ ગણાઈ જ્યારે બંધ તેની

પૂર્ણ ઊંચાઈએ પહોંચે, આયોજન મુજબનું કામ આપતો થાય, નર્મદાના નિર્ધારિત બધા જ પિયત વિસ્તારોને સિંચાઈ પ્રાપ્ત થાય. નહેરો, પાણીની ન્યાયિક વહેંચણી તથા યોગ્ય વ્યવસ્થાપન, ગ્રામસ્તરે મંડળીઓની રચના વગેરે જેવાં અનેક મોટાં કામો બાકી હતાં. ગુજરાતની ત્રણ પઢીઓ નર્મદાના જળ માટે ઝૂરતી ઝૂરતી મહાકાળમાં વિલીન થઈ ગઈ હતી, ચોથી પેઢી નસીબવંતી કે તેને નર્મદાનાં જળ પ્રાપ્ત થયાં. યોગ્ય જળ વિતરણ અને જળ વ્યવસ્થાપન તથા નર્મદાના જળનો કરકસર ભર્યો મહત્તમ ઉપયોગ થાય,લોકોની પાણી અંગેની યાતનાઓ હાડમારીઓ ભૂતકાળ બની જાય ત્યારે જ સાચી જીત થઈ કહેવાય. આ સ્વપ્નું સનત મહેતાનું હતું. જ્યારે નર્મદા યોજના વળાંક પર આવીને ઊભી રહી ત્યારે સનતભાઈએ તેને સાચી દિશામાં વાળવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ૧૯૯૦ની દિલ્હીની ઐતિહાસિક રેલી, ફેરકૂવાનો સત્યાગ્રહ, વિસ્થાપિતોના સ્થળાંતર બાબતમાં વારંવારની કટોકટી, મોર્સ કમિશન સામેનો વિરોધ, વિશ્વ બેંકની અવઢવ, નર્મદા વિરોધીઓ સામે પ્રતિધરણાં, સુપ્રિમ કોર્ટ સુધીની લડાઈ, ખેડૂતોની ભાગીદારીવાળી સિંચાઈ વ્યવસ્થા, પર્યાવરણવાદીઓ સામેની લડત વગેરેમાં સનતભાઈએ ગુજરાતની પ્રજાને અને સાથી કાર્યકરોને માર્ગદર્શન તથા સાચો રસ્તો બતાવીને જીત અપાવી હતી. વિરોધ પક્ષની સરકાર હોય એટલે કે ચીમનભાઈ પટેલે પણ તેમને સામેથી બોલાવીને સરદાર સરોવર નર્મદા નિગમનું અધ્યક્ષ પદ સોંપેલું. આ કોઈ નાનીસૂની વાત ન કહેવાય. સનત મહેતાના શ્રધ્ધાંજલિ અંગેના લેખોમાં સૌએ તેમની નર્મદા યોજના પ્રત્યેની નિસ્બત અને પ્રતિબધ્ધતાનો નોંધ અવશ્ય લેવી જોઈએ.

નર્મદા યોજનાની છેલ્લા દિવસોમાં પ્રગતિથી દુ:ખી એવા સનતભાઈ છેલ્લે તો એમ કહેતા માલૂમ પડ્યા કે નહેરો બનાવવાના કામમાં શું અડચણ છે તે સમજાતું નથી. પેટા નહેરોના કામમાં લગભગ શૂન્ય પ્રગતિ છે ત્યારે ખેડૂતો સિંચાઈ દ્વારા ક્યારે પાણી મેળવશે તે અત્યારે કહેવું અશક્ય છે. અમને એમ





લાગે છે કે, સરકાર અને નિગમના હોદ્દારો નર્મદા યોજના સાથે વર્ષોથી જોડાયેલા એનજીઓ, યોજનાને મદદ કરનાર વિવિધ સંગઠનો અને યોજનાને પ્રતિબધ્ધ નાગરિકોને પુનઃ સક્રિય કરી, નિષ્ણાંતોની ભાગીદારી મેળવી પ્રશ્નોના ઉકેલ લાવી શકે તેમ છે. ખુલ્લા મને વાસ્તવિકતાનો સ્વીકાર કરી ઉપર જણાવેલ ગ્રુપ સાથે ચર્ચા કરી ગુજરાતના હિત માટે નિર્ણયાત્મક ચર્ચા કરવી ખૂબ જ જરૂરી છે. આ ગ્રુપને ફરીથી સક્રિય કરીને સામેલ કર્યા વગર કોઈ પરિણામ આવી શકે તેમ નથી. આ કામ થશે તો સનત મહેતાને સાચી શ્રધ્ધાંજલિ આપી ગણાશે.

સનતભાઈનું પ્રદાન ટ્રેડ યુનિયન ક્ષેત્રમાં પણ ખૂબ મોટું રહ્યું. હિંદ મજદૂર સભા સાથે રહીને તેમણે ટ્રેડ યુનિયનમાં રચનાત્મક કામ પણ કર્યું. તેમનાં કામદાર મંડળોમાં તેલ અને ગેસ પંચના કર્મચારીઓ, વિજળી કામદારો, અતુલ, સારાભાઈ અને ઈન્ડિયન રેયોનનાં કર્મચારી મંડળો મુખ્યત્વે હતાં. આ બધાના કલ્યાણ અને સમૃધ્ધિ માટે જિંદગીભર તેમણે કામ કર્યું. મહિલાઓ માટે પણ એક બેંક શરૂ કરીને ઉત્તમ સેવા કરી ઉપરાંત અગરિયા, કપાસ ઉત્પાદકો, માછીમારો વગેરે માટે પણ ધારાસભ્ય તરીકે કે સંસદસભ્ય તરીકે શ્રેષ્ઠ કામો કર્યાં અને લડતો ચલાવી તેમને કામદારોના શિક્ષણમાં પણ વધારે રસ હતો. ઘણા કર્મશીલોને મજૂર મંડળની વાત ખૂબ ગમતી. તેથી જિંદગીભર તેમનાથી એ બધા આકર્ષિત રહ્યા. સનતભાઈ, એક ઉત્સુક વાચક અને લેખક હતા. દલિતો, આદિવાસીઓ અને ખેડૂતો તેમના હૃદયની ખૂબ નજીક હતા. તેમના છેલ્લા કામકાજના દિવસો સુધી, તેમણે દલિત વર્ગો માટે

અથાક કામ કર્યું. ખેડૂતોનું એક જૂથ જે સરકારની નીતિઓ, ખાસ કરીને જમીન સંપાદન નીતિ સામે લડી રહ્યું હતું એવા ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ પણ રહ્યા હતા. જિંદગીનાં અંતિમ વર્ષોમાં ગરીબો અને અર્થકારણ તથા વિકાસ માટે રાજકારણ તેમનાં મુખ્ય સૂત્રો બન્યાં હતાં. ગુજરાતના પ્રશ્નો ઉપર ધારદાર લખાણો દૈનિક પત્રોમાં તથા અન્ય માસિકોમાં લખતા રહીને પોતાની વિચાર યાત્રા આગળ ધપાવતા રહ્યા. તેમનું અંતિમ પુસ્તક 'અધૂરો વિકાસ અધૂરી લોકશાહી' ખરેખર વાંચવા જેવું છે. તેમની મોટી ચિંતા ગરીબોની એ હતી કે, વિકાસના અંચળા હેઠળ વિષમતા અને અસમાનતા વધતી જતી હતી. સનતભાઈ અભ્યાસી તો એવા હતા કે છેલ્લા અઠવાડિયામાં ગૌતમભાઈ પટેલને ફોન કરીને કહે છે કે તારી પાસે લિઓન ટ્રોસ્કી વિશે કોઈ પુસ્તક છે ખરું? તો તેમણે એમ.એન. રોય અને લિયોન ટ્રોસ્કીની ૧૯૪૦ની મુલાકાત બાદ લખાયેલી નોંધ મોકલી આપી હતી, તો તેઓ ખૂબ જ ખુશ થયા હતા.

પંચાયતી રાજમાં દ્રઢ વિશ્વાસ ધરાવતા તેમણે સ્થાનિક સ્વરાજ્યના અમલીકરણમાં તાકાત ઝીંકી દીધી હતી. સૌરાષ્ટ્રમાં પાણી તેમના માટે વળગણ જેવું હતું. તેમની પસંદીદા વાત એક સાસુ જેવી હતી જે તેની નવી પરિણીત પુત્રવધુને કહેતી હતી કે જેણે પાણીનો ગ્લાસ પીધો અને છેલ્લા થોડા ટીપાં ફેંકી દીધાં હતાં. 'દીકરા દૂધ ઢોળાય પણ પાણી ના ઢોળાય'.

આદર્શવાદી, સનતભાઈ તેમના આદર્શોને અનુસરવામાં સખત વ્યવહારુ હતા. ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં નાણાં પ્રધાન તરીકે તેમણે ગુજરાતમાં સીંગતેલ સહિત જાહેર વિતરણ પ્રણાલીનું પુનર્ગઠન કરવાનું કહ્યું જયાં મહાન તેલિયા રાજાઓ સરકારોને હટાવી શકત. તેઓ શ્રીમંતોને દૂર કરીને ખરેખર ગરીબો માટે સબસિડીવાળા દરે તેલની





ગોઠવણ શક્યા હતા અને એક કાર્યશીલ દિવ્ય બજાર બનાવ્યું જેણે મિલર વેપારીઓની ઈજારાશાહીને જોખમમાં મૂકી દીધી હતી.

તેમણે અગરિયાઓ, અખાતમાં મીઠાના પાન કામદારોની સમસ્યાઓ હાથ પર લીધી અને તેમને મીઠાના તવાઓમાં ઉઘાડા પગે ઊભા રહેવાથી કેન્સરના અલ્સરથી બચાવવા માટે પગરખાં અપાવ્યાં. જ્યારે મારૂતિ દ્વારા ખેતીની શ્રેષ્ઠ જમીનો છીનવી લેવાની હતી ત્યારે તેઓ ચુવાલમાં ૪૪ ગામોની જમીન માટે લાલજી દેસાઈ માટે લડ્યા હતા. એક હજાર ટ્રેક્ટર સંરક્ષણમાં આવ્યાં. તેઓ કપાસના ખેડૂતો માટે લડ્યા-સારા બિયારણ માટે લડ્યા, પછી ભલે તે દેશમાં ઉત્પાદિત હોય કે વિદેશમાં. તેઓ કપાસ કિસાન્સ હિત રક્ષક સંઘના આયોજક હતા. અનિલ પટેલ દ્વારા આદિવાસી ખેડૂતના પુનર્વસન અને ધર્મ પ્રત્યે તર્કસંગત પ્રતિસાદ માટેની તેમની જુસ્સાદાર વિનંતીઓને તેમના આશીર્વાદ મળ્યા હતા.

ગાંધીની ભૂમિમાં ભય શબ્દ જેમના મનમાં રજમાત્ર પ્રવેશ્યો નહીં એવા બહુમુખી પ્રતિભાવાન વિદ્વાન સનતભાઈને આદરણાંજલી.



બનાસકાંઠાના કુંભાસણ ગામના વતની હિદાયત પરમાર યુવાન ખોજી પત્રકાર અને અનુવાદક છે. સાઈબર ક્રાઈમ વિશે તેમનું જ્ઞાન ઉંડાણની સમજ ધરાવે છે.